## ક્રાઈમ બીટ

### બેન્કના ૩૨ ગ્રાહકના ક્રેડિટ કાર્ડની માહિતી મેળવી કરી લાખોની ખરીદી

મુંબઈઃ એક ખાનગી બેન્કના ૩૨ જેટલા ગ્રાહકોના ક્રેડિટ કાર્ડની માહિતી મેળવીને તેના દ્વારા સાઇબર ગુનેગારોએ લાખોની ખરીદી કર્યાનું પ્રકાશમાં આવતાં બેન્ક દ્વારા બીકેસી (બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ આ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચ કરી રહી હોઇ તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે વિવિધ રાજ્યોમાંથી જુદી-જુદી વ્યક્તિએ બેન્કના ગ્રાહકોને ફોન કરીને તેમના ક્રેડિટ કાર્ડની માહિતી મેળવી હતી. આરોપી એકબીજા સાથે સંકળાયેલા નથી. છેલ્લા છ મહિનામાં બેન્કના ૩૨ ગ્રાહકને આરોપીઓએ ફોન કર્યા તેમ જ મેસેજ પાઠવ્યા હતા અને પોતાની ઓળખ બેન્કના અધિકારી તરીકે આપી હતી. કેટલાક કિસ્સામાં ગ્રાહકોને તેમના ક્રેડિટ કાર્ડનો નિયમિત ઉપયોગ ન થતો હોવાનું જણાવી કાર્ડ બંધ કરાવી દેવાની ધમકી આપીને, તો અમુક કિસ્સાઓમાં બેન્ક તરફથી ઇનામ લાગ્યું હોવાનું જુઠ્ઠાણું ચલાવીને આરોપીઓએ ગ્રાહકોના કાર્ડની માહિતી મેળવી હતી, એમ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું.